# 44 ડીગ્રી ગાંધીનગર અગનભઠ્ઠીમાં શેકાયુ

## છેલ્લા બે દિવસથી રોજ એક ડીગ્રી તાપમાન વધતા આજે સિઝનનો સૌથી વધુ ગરમ આકાશમાંથી વરસતી અગ્નજવાળ વચ્ચે શહેરીજનોએ ચામડીને દાહ આપતી ગરમી અનુભવી : આકરી ગરમીનુ મોજુ ફરી વળતા નગરનુ જનજીવન પ્રભાવિત







ગાંધીનગર તા ૨૮

ગાંધીનગરમાં આજે ગરમીનો મિજાજ અત્યંત ઉગ્ર બન્યો હતો. ગરમીનો પારો ૪૪ ડીગ્રી સુધી પહોંચી જતા દિવસ દરમિયાન આકાશમાંથી આગ વરસી હતી નગરજનો આગની ભઠ્ઠીમાં શેકાતા હોવાનો અહેસાસ કર્યો હતો. છેલ્લા બે દિવસમાં ગરમીનો પારો રોજ એક ડીગ્રી ઉંચકાતા આજે ગાંધીનગર આકરી

## રેકર્ડબ્રેક તાપમાન પારો ૪૪ ડીગ્રીએ

ગરમીની લપેટમાં આવી ગયુ હતુ. ગરમીએ રૌદ્ર સ્વરૂપ ધારણ કરતા શહેરીજનોએ દિવસ દરમિયાન ઘરની બહાર નિકળવાનુ ટાળ્યુ હતુ. છેલ્લા કેટલાક દિવસોથી મહત્તમ તાપમાન ૪૧ થી ૪૩ ડીગ્રી વચ્ચે રહેતા શહેરીજનો હીટવેવથી પ્રભાવિત છે.

જયારે આજે ગરમીએ હદ વટાવતા સેકટરોની શેરીઓમાં અને શોપિંગ બજારમાં પણ દિવસ દરમિયાન સન્નાટો છવાયેલો રહ્યો હતો. આકાશમાંથી વરસતી અગ્નજવાળના લીધે નગરજનો સનસ્ટ્રોકનો પણ શિકાર બની રહ્યા છે.

ગાંધીનગરમાં આજે ગરમીએ હદ વટાવતા નગરજનો દિવસ દરમિયાન ભઠ્ઠીમાં શેકાયા હતા. ગરમીનો પારો ૪૪ ડીગ્રીએ પહોંચી ગયો હતો શહેરમાં સિઝનની અત્યાર સુધીની રેકર્ડ બ્રેક ગરમી નોંધાઈ હતી. ગરમીએ આજે રૌદ્ર સ્વરૂપ ધારણ કરતા નગરનુ જનજીવન હીટવેવથી પ્રભાવિત થયુ હતુ. આખી બપોર આકાશમાંથી આગ વરસતા નગરજનોએ ચામડીના દાહ આપતી ગરમીનો અનુભવ કર્યો હતો. ગઈકાલે મહત્તમ તાપમાન ૪૩ ડીગ્રી રહ્યુ હતુ જયારે સતત બીજા દિવસે ગરમીનો પારો એક ડીગ્રી ઉંચકાયો હતો જેના લીધે આજે ઉનાળાની ગરમીની સિઝનનો સૌથી ગરમ દિવસ રહ્યો હતો અગાઉ સિઝનની મહત્તમ ગરમી ૪૪ ડીગ્રી નજીક રહી હતી



પરંતુ આજે મહત્તમ તાપમાન ૪૪ ડીગ્રીને અડી જતા નગરજનો આક્રમક ગરમીથી તોબા પોકારી ગયા હતા. છેલ્લા ઘણાં સમયથી આમ પણ મહત્તમ તાપમાન ૪૧થી ૪૩ ડીગ્રી વચ્ચે રહેતુ હતુ. જયારે ગઈકાલે ગરમીનો પારો ૪૩ ડીગ્રી પહોંચતા હજુ પણ ગરમીનુ જોર વધશે તેવો અણસાર વર્તાતો હતો. આમપણ હવામાન તજજ્ઞોએ એપ્રિલના અંતમાં ગરમીનો પારો ઉંચકાશે તેવા સંકેતો આપ્યા હતા. છેલ્લા બે દિવસમાં ગરમીનો પારો ૨ ડીગ્રી ઉંચકાયો છે. છેલ્લા એક સપ્તાહથી ગરમીનુ જોર ધીમે ધીમે વધી રહ્યુ છે. ગરમીનો પારો સતત ૪૦ ડીગ્રીની ઉપર રહેતા નગરજનો હીટવેવથી બેબાકળા બની ગયા છે. જયારે બાળકો અને વૃધ્ધો ગરમીથી વિશેષ પ્રભાવિત છે. મહીલાઓ પણ ઉન્માદ અનુભવી રહી છે. આજે અમદાવાદમાં પણ મહત્તમ તાપમાન ૪૪ ડીગ્રીને પણ પાર કરી ગયુ હતુ. જયારે ગાંધીનગરમાં પણ ગરમીનુ જોર પ્રબળ બનતા નગરજનો આકરી ગરમીમાં શેકાયા હતા. બપોરના સમયે તો રીતસર આકાશમાંથી આગ વરસતી હોવાનો અહેસાસ નગરજનોએ કર્યો હતો. દિવસ દરમિયાન શહેરના સેકટરોની શેરીઓ અને મુખ્યમાર્ગો સહીત સેકટરોના શોપિંગ બજારમાં ગરમીની અસર વર્તાઈ હતી. સેકટરોમાં ખાલીપો જોવા મળ્યો હતો. આકરી ગરમીની અસર સવારથી જ વર્તાઈ રહી હતી. જયારે બપોર થતા આકાશમાંથી અગ્નજવાળ વરસતા સમગ્ર શહેર આગની ભઠ્ઠીમાં શેકાતુ હોય તેવો અહેસાસ નગરજનોએ કર્યો હતો. જયારે આકરી ગરમીના લીધે શોપિંગ બજારમાં કેટલાક વેપારીઓએ પણ બપોરના સમયે ગરમીના લીધે દુકાનો બંધ રાખી હતી. એકબાજુ મહત્તમ તાપમાન સતત વધી રહ્યુ છે. જયારે બીજીતરફ આજે સતત બીજા દિવસે પણ લઘુત્તમ તાપમાનમાં પણ નોંધપાત્ર ફેરફાર જોવા મળ્યો હતો દિવસની ગરમી સાથે રાત્રિનુ તાપમાન ૨૬.૯ ડીગ્રી થી નીચે ઉતરીને ૨૩.૮ ડીગ્રી સુધી પહોંચી ગયુ હતુ. જેના લીધે વધતા ગરમીના જોર વચ્ચે લઘુત્તમ તાપમાન પણ ઉંધી દીશામાં આગળ વધતા એકરીતે મોસમનો વિચિત્ર મિજાજ પણ જોવા મળી રહ્યો છે. મોડી સાંજ બાદ નગરજનોએ વાતાવરણમાં આંશિક ઠંડક અનુભવી હતી. મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં ડબલથી ઓછો તફાવત જોવા મળ્યો છે.

ગરમી ઉગ્ર બનતા શહેરમાં મુંગા પશુપક્ષીઓ માટે પણ ખતરારૂપ સ્થિતિ ઉભી થઈ છે. આકરી બપોરે વૃક્ષોની બખોલમાં ગરકાવ થતા પક્ષીઓ પણ હીટવેવના લીધે વિપરિત અસરનો શિકાર બની રહ્યા છે. જયારે આક્રમક ગરમીના લીધે જન આરોગ્ય પણ પ્રભાવિત છે. નગરમાં લું લાગવાના લીધે ઝાડા ઉલ્ટી અને તાવના કેસો વધી રહ્યા છે. આવા સંજોગોમાં આકરી ગરમીની અસરથી બચવા માટે નગરના તબીબોએ નાગરિકોને કામ સિવાય ઘરની બહાર ન નિકળવા માટે સલાહ આપી છે.

### ડીહાઈડ્રેશનથી બચવા સતત પાણી પીવુ અનિવાર્ય

ગાંધીનગરમાં ઉનાળો આકરો બન્યો છે. આકાશમાંથી આગ વરસી રહી છે. જયારે આકરી ગરમીમાં જન આરોગ્ય પણ વિશેષ પ્રભાવિત છે. આવા સંજોગોમાં ગરમીની અસરથી બચવા માટે નગરજનોએ કેટલીક બાબતોની વિશેષ કાળજી રાખવાની અનિવાર્યતા છે. આ અંગે નગરના જાણીતા તબીબ ડો બદ્રીશ સંઘવીના જણાંવ્યા મુજબ આ સિઝનમાં સનસ્ટ્રોકની તકલીફ વધુ થાય છે તાપમાં બહાર જતા વ્યકિત ભોગ બને છે. જેના લીધે ખુબ જ તાવ પણ આવે છે માથાનો દુખાવો પણ થાય છે. આ દરમિયાન ડીહાઈડ્રેશન પણ થવાની સંભાવના હોય છે. આ ઉપરાંત ઝાડા ઉલ્ટી પણ થઈ શકે છે. બહારનુ ખાવા પીવાનુ ટાળવુ જોઈએ. આ ઉપરાંત યુરીન ઈન્ફેકશનની ફરિયાદો પણ વધી છે. પાણી ઓછુ પીવાના લીધે આ પ્રકારની તકલીફ રહે છે. આનાથી બચવા માટે પાાણી વધુ પીવુ જોઈએ. માટલાનુ પાણી વધારે પીવુ જોઈએ. જેથી શરદીની તકલીફ પણ નથાય ગરમીમાં પાણી વધારે પીવાથી રીહાઈડ્રેશન થાય શરીરમાં પાણીનુ પ્રમાણ પણ જળવાઈ રહે આ ઉપરાંત જ્યુસ પણ પીવુ જોઈએ. જયારે તરબુચ અને ટેટી પણ સારી ગુણવત્તાનુ ખાવુ જોઈએ. ગ્લુકોઝનુ પાણી પીવુ પણ હીતાવહ છે. શ્રમિકોએ પણ લીમડાના વૃક્ષ નીચે ઠંડક લેવી જોઈએ. જયારે બપોરે ૧૨ થી ૪ કલાક દરમિયાન બહાર ન નિકળવુ જોઈએ. અલબત્તમ કામ સિવાય ઘરની બહાર ન નિકળવા માટે પણ તેમણે જણાંવ્યુ છે. જેમાં વૃધ્ધો અને બાળકોની વિશેષ તકેદારી રાખવુ પણ હીતાવહ છે.

---

### આજે મુખ્યમંત્રીના નિવાસસ્થાને

# રાષ્ટ્રીય અધ્યક્ષની હાજરીમાં કોર કમિટી અને ચૂંટણી સમિતિની બેઠક મળશે

### રાષ્ટ્રીય અધ્યક્ષની એક દિવસીય મુલાકાતોને પગલે રાજ્યના રાજકીય વર્તુળોમાં વહેલી ચૂંટણીની વાતો

ગાંધીનગર, તા. ૨૮

આજે સાંજે રાજ્યના મુખ્યમંત્રીના નિવાસસ્થાને ભાજપ પ્રદેશ કોર કમિટી તથા ચૂંટણી સમિતિના સભ્યોની બેઠક રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડાની ઉપસ્થિતિમાં યોજાવાની હોઈ પાટનગરના રાજકીય વર્તુળોમાં ચૂંટણીના ચકરાવાની વાતો પુનઃ ગરમાઈ જવા પામી છે.

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ આજે ગુજરાતના એક દિવસના પ્રવાસે આવી રહ્યા છે. તેવો સાબરમતી ગાંધી આશ્રમની મુલાકાતથી તેમની ગુજરાત યાત્રાનો પ્રારંભ કરનાર છે.

નડ્ડાની અધ્યક્ષતામાં સવારે ૧૦.૩૦ વાગે પ્રદેશ કાર્યાલય કમલમ્ ખાતે પાર્લામેન્ટરી બોર્ડ, સાંસદો, ધારાસભ્યો, જીલ્લા મહાનગરના પ્રમુખો, મહાનગરના પદાધિકારીઓ, પૂર્વ સાંસદ અને પૂર્વ ધારાસભ્યો સાથે બેઠક કરશે.

આ પછી બપોરે ૧૧ થી ૨ દરમ્યાન ગુજરાત યુનિ. કન્વેશન હોલમાં પ્રદેશ પદાધિકારીઓ મંડલ પ્રમુખ-મહામંત્રીઓ સાથે બેઠક કર્યા બાદ વડોદરા જશે.

વડોદરા એક ધાર્મિક કાર્યક્રમમાં હાજરી આપી તેઓ સીધા ગાંધીનગર આવવાના છે.

ગાંધીનગરમાં મુખ્યમંત્રીના નિવાસસ્થાને ૭.૪૫ કલાકે તેઓ પ્રદેશ કોર કમિટી અને ચૂંટણી સમિતિના સભ્યો સાથે બેઠક કરશે.

ગાંધીનગરની બેઠકને પાટનગરના રાજકીય વર્તુળો અતિ મહત્વની લેખાવી રહ્યા છે. આમ તો જે રીતે સંગઠ્ઠન અને ચૂંટાયેલી પાંખના સભ્યોને સાથે રાખી પક્ષ ચૂંટણી માટે આગળ વધી રહ્યો હોવાનો સ્પષ્ટ સંકેત મળી રહ્યો છે.

છેલ્લા ઘણા સમયથી રાજયમાં વિધાનસભાની ચૂંટણીઓ વહેલી યોજાશે તેવી અટકળો ચાલી રહી છે અને રાજકીય પક્ષોએ પણ ચૂંટણીલક્ષી ગતિવિધિઓ તેજ બનાવી દીધી છે.

રાષ્ટ્રીય અધ્યક્ષની ગાંધીનગર મુલાકાત પછી ચૂંટણીને લઈ ચાલતી અટકળોમાં કેટલુ તથ્ય છે તે લગભગ સ્પષ્ટ થઈ જશે તેમ મનાઈ રહ્યુ છે. જો કે રાજકીય વર્તુળો ચૂંટણીઓ વહેલી યોજાશે તેમ સ્પષ્ટ માની રહ્યા છે.

બીજી તરફ ભાજપના જ કેટલાક આગેવાનો દલીલ કરી રહ્યા છે કે ચૂંટણીઓ તેના નિયત સમયે યોજાશે પરંતુ તે પહેલા રવિ

● અનુસંધાન પાન-૭ પર

---

# જિલ્લા કલેકટર કચેરીમાં ઓચિંતા મહેસુલ મંત્રી પહોંચી ગયા...

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લા કલેક્ટર કચેરીની આજે રાજ્યના મહેસુલ મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીએ ઓચિંતી મુલાકાત લેતાં જ કર્મચારીઓમાં સન્નાટો છવાઈ જવા સાથે તંત્રમાં પણ સોંપો પડી ગયો હતો.

મહેસુલ મંત્રીએ કલેક્ટર કચેરીમાં મામલતદાર ઓફિસના પ્રવેશદ્વારેથી પ્રવેશ લઈ અને સીધા સર્કલ ઓફિસરો બેસે છે ત્યાં ગયા હતા. ત્યાં તેમણે સંબંધિત અધિકારીઓને ચકાસ્યા હતા જ્યાં એક અન અધિકૃત વ્યક્તી કર્મચારીની ખુરશી પર બેઠેલો જણાતાં તેમણે નાયબ મામલતદારોને ખખડાવ્યા હતા.

આ પછી તેઓ કલેક્ટરને મળવા તેમની ચેમ્બરમાં પહોંચ્યા હતા. અધિક નિવાસી કલેક્ટરને પણ મળ્યા હતા. તેમણે અનઅધિકૃત વ્યક્તીઓ બેસતા હોવાની વાતને લઈ નારાજગી વ્યક્ત કરી હતી.

ગાંધીનગર તંત્રમાં હમણાં ઉપરાછાપરી એસીબીની રેડ પછી આજે રાજ્યના મહેસુલ મંત્રીની મુલાકાતને લઈ કર્મચારીઓમાં સન્નાટો છવાઈ જવા પામ્યો હતો તેમજ સોંપો પડી જવા પામ્યો હતો.

આ અગાઉ દહેગામ મામલતદાર કચેરીની પણ મહેસુલ મંત્રીએ મુલાકાત લીધી હતી. આજે જિલ્લા કલેક્ટર કચેરીની મુલાકાત લીધી હતી. તેમણે અન અધિકૃત વ્યક્તીઓને બેસવા નહિ દેવા તેમજ મહેસુલ વિભાગ તદન પારદર્શકતાથી કામગીરી કરે તે જોવા જણાવ્યુ હતુ.

મોડી સાંજે તંત્ર દ્વારા સર્કલ ઈન્સ્પેક્ટર ઈશ્વર દેસાઈને કારણદર્શક નોટીસ આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

મહેસુલ મંત્રીએ જણાવ્યુ હતુ કે છેલ્લા બે દિવસથી એક જાગૃત્ત નાગરિકે વિડીયો સાથે ફરિયાદ મોકલી હતી તે પગલે તેઓ આજે કલેક્ટર ઓફિસમાં આવ્યા હતા.

---

# ''હું મનો ચાહુ છુ'' કલ્ચરલ ફોરમનો સપ્રેમ શુભારંભ સ્વપ્રેમથી

### અર્ક વ્યાખ્યાનમાળા હેઠળ જાણીતા વિચારશીલ વક્તાઓ 'હું મને ચાહુ છુ' વિષય હેઠળ વક્તવ્ય આપશે

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર કલ્ચરલ ફોરમનો બે વર્ષના વિરામ બાદ ધમાકેદાર શુભારંભ થઈ રહ્યો છે. અર્ક વ્યાખ્યાનમાળા હેઠળ લેખક, કવિ, પ્રોફેસર સૌમ્ય જોશી, રેડિયો મિરચીના માધ્યમથી ઘેર-ઘેર જે નામ ગુંજતુ થયું છે અને જેનું વ્યક્તિત્વ અને વાતો સહુ કોઈને



આકર્ષે છે એવા વિચારક અને વક્તા ધ્વનિત અને ગુજરાતના સુપ્રસિદ્ધ સાયકોલોજીસ્ટ ડૉ. પ્રશાંત ભીમાણી 'હુ મને ચાહુ છુ' વિષય પર પોતાના વક્તવ્યો આપશે.

'હું મને ચાહુ છુ' વિષય સાથે જાણીતા વક્તાઓના વક્તવ્યોનો કાર્યક્રમ આગામી તા. ૧લી મે ના રોજ સવારે ૯.૩૦ કલાકે ખીમજી વિસરામ હોલ, કડી કેમ્પસ, સેક્ટર-૨૩ ખાતે યોજવામાં આવ્યો છે.

ગુજરાતના સુપ્રસિદ્ધ અને વિચારશીલ વક્તાઓમાં સમાવેશ થાય છે તેવા જાણીતા

કોરોનાની પરિસ્થિતિના કારણે શહેરમાં છેલ્લા બે વર્ષથી સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ સાવ અટકી ગઈ હતી. સાંસ્કૃતિક કાર્યક્રમો બંધ થઈ જતા જાણે નગરની ચેતના ઝાંખી પડી ગઈ હતી. આખરે બે વર્ષ બાદ ગાંધીનગર શહેરના સાંસ્કૃતિક ફલકનો શુભારંભ ગાંધીનગર કલ્ચરલ ફોરમના માધ્યમથી થઈ રહ્યો છે. સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં હંમેશા અગ્રેસર રહી શહેરને જીવંત અને ચેતનવંતુ રાખનાર ગાંધીનગર કલ્ચરલ ફોરમનો પ્રારંભ ખુબ જ ધમાકેદાર રીતે થઈ રહ્યો છે. 'સ્વ'ને પ્રેમ કરવાના નોખા વિષય સાથેની વ્યાખ્યાનમાળાથી થઈ રહેલો સંસ્થાનો પ્રારંભ નિરાશાના વાતાવરણના આશાનો સંચાર કરી રહ્યુ છે. અર્ક વ્યાખ્યાનમાળા હેઠળ થઈ રહેલા આ શુભારંભ પ્રારંભમાં સૌને પધારવા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યુ છે. ટૂંક સમયમાં ધમાકેદાર કાર્યક્રમો યોજી કલ્ચરલ ફોરમ નગરને એક અનોખુ સ્થાન અપાવશે.

પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ



સ્વ.શારદાબેન સુરેશચંદ્ર શુક્લ
મારા માતુશ્રી સ્વ. શારદાબેન સુરેશચંદ્ર શુક્લના આત્માના કલ્યાણ અર્થે સ્વર્ગવાસની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ
(તા. ૨૯/૦૪/૨૦૨૨ને શુક્રવાર)
નાં દિવસે સાંજે ૮-૩૦ કલાકે રાખેલા,
સુંદરકાંડ નાં પાઠનો લાભ લેવા આપને વિનંતી છે
૧૯/૨ 'ઘ'-ટાઇપ સેક્ટર-૨૨, ગાંધીનગર
સમિર એસ. શુક્લ
જતીન શુક્લ તંત્રી.પાટનગર ટુડે દૈનિક પરિવાર
માધવી યુ. યાજ્ઞિક ખાખી પોથી પરિવાર
Mo:- 94276 16601

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com